

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ખર્ચી જિંદગી પેઢી માટે કુછ લિયાઝ તો કરો!*
*કરી સેવા 'ગુલામ'-નબી થઈ, રિયાઝ તો કરો !*
*ભૂલી જાય છે ઉપકાર લોકો સત્તાના કેફમાં -*
*પહેલાં ખૂદની સમસ્યાઓનો ઈલાજ તો કરો!*

### હાઈકુ

*બનાવે અંધ -*
*સર્જાય ધૃતરાષ્ટ્ર -*
*સત્તા મોહમાં...*

*મળે છે ગાદી -*
*નબળા સગીરને -*
*વારસાગત...*

### ચિંતન

**કષ્ટં ચખલુ મૂર્ખત્વં કષ્ટં ચ ખલુ યૌવનમ્ ।**
**કષ્ટાત્કષ્ટતરં ચૈવ પરગેહનિવાસનમ્ ॥**

**ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદાવલિમાંથી લેવામાં આવેલ છે.**

**મૂર્ખતા સદા કષ્ટદાયક હોય છે જવાની નિશ્ચિતપણે દુઃખદાયક હોય છે. સાથે બીજાના ઘરમાં નિવાસ કરવો અર્થાત્ કોઈ પણ આશ્રિત રહેવું અત્યંત કષ્ટદાયક હોય છે.**

**મૂર્ખતા અને યૌવન બંને કષ્ટદાયક હોય છે. વ્યક્તિ જવાનીમાં ઉત્તેજિત થઈને મૂર્ખતા પૂર્ણ કાર્ય કરે છે.**

**અભણ - નિરક્ષર - અજ્ઞાનીનું જીવન ખૂબ જ કષ્ટ ભર્યું હોય છે કારણ કે તે દુનિયાં કોઈ રીતભાત જાણતા - સમજતા નથી.**

**તેમ પરાધીન જીવન પણ ખૂબ જ દુઃખદાયક છે. કોઈ પણ જરૂરિયાત માટે 'માગવું' ખૂબ જ અપમાનજનક પરિસ્થિતિ છે.**

**પોતાની ઝૂંપડીમાં સ્વાધીન રહેવું એ જ ઉત્તમ...**

### સુવિચાર

- સુખ વ્યક્તિના અહંકારની જયારે દુઃખ વ્યક્તિના ધૈર્યની પરીક્ષા લે છે, બેવ પરીક્ષામાં ઉત્તીર્ણ વ્યક્તિ જ શ્રેષ્ઠ હોય છે - **ધર્મલોક**
- સમસ્યાઓ કા અપના કોઈ સાઈઝ નહીં હોતા, વો તો સિર્ફ હમારી હલ કરને કી ક્ષમતા કે આધાર પર છોટી યા બડી હોતી હૈ - **નિદા ફાઝલી**
- બીજાનાં પડછાયામાં ઊભા રહીને આપણે આપણો પડછાયો ગુમાવી દઈએ છીએ, આપણો પડછાયો જોવા માટે ખુદ આપણે જ તડકામાં ઊભા રહેવું પડે - **હદિસ બોધ**
- સુપ્રીમ કોર્ટ ખોટી હોય તો પણ એ હંમેશા સાચી હોય છે - **લેટિન કહેવત**
- તમને જે ગમતું હોય તે મળી જાય તેને સુખ ના કહેવાય, પણ તમને જે મળે તે ગમી જાય તેને સુખ કહેવાય - **આપ્તસૂત્ર**
- જયારે બીજા કોઈને તમારામાં શ્રદ્ધા ન હોય ત્યારે તમને પોતાને આત્મવિશ્વાસ હોવો જોઈએ, તો તમે વિજેતા બની શકો - **વિનસ વિલિયમ્સ**
- આજનું ઔષધ : પાંચેક લવીંગ લોઢી પર શેકી તેની પોટલી બનાવી વારંવાર સુંઘવાથી માથાના દુઃખાવામાં રાહત થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક બદમાશ ને જંગલમાંથી એક નધણિયાતી પાણીદાર ઘોડી મળી. ઘોડી પર સવારી કરી ગામમાં પહોંચ્યો. ત્યાં એને એના જેવો બીજો ગઠિયો મળ્યો. લગામ અને સાજ વગરની ઘોડી જોઈને ખ્યાલ આવી ગયો કે આ ચોરેલી ઘોડી છે. એણે પણ ઘોડી પડાવી લેવાનો વિચાર કર્યો. એણે પેલા બદમાશને પૂછ્યું, 'ભાઈ, ઘોડી વેચવી છે?' પેલાને મનમાં થયું કે, 'આપણે ક્યાં પૈસા ખરચીને લીધા છે?' એણે હા પાડી. એટલે પેલો ગઠિયો બોલ્યો, 'ભલે ! પણ મારે આ ઘોડીની ચાલ જોવી પડશે !' પેલો બદમાશ ઘોડી પરથી નીચે ઉતર્યો. અને માંગણી કરનાર ઘોડી પર ચડ્યો એણે પોતાના પગરખાં બદમાશને સંભાવવા માટે આપ્યા. અને ઘોડી દેડાવી મૂકી, જોતજોતામાં તે અદશ્ય થઈ ગયો. અને સાંજ પડવા છતાં પાછો આવ્યો જ નહીં. આ બદમાશ તો ચૂપ જ થઈ ગયો. ગામના ચોરે બેઠેલા એક વડિલે પૂછ્યું, 'કેમ ભાઈ!! ઘોડી કેટલામાં લીધી હતી અને કેટલામાં વેચી ?? ત્યારે પેલા બદમાશે જવાબ આપ્યો 'લીધી એમ દીધી ને નફામાં બે ખાસડાં!!'' વડીલને મર્મ સમજાઈ ગયો.


# હાઈકોર્ટના અવલોકન ગંભીરતાથી લઈએ

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાત હાઈકોર્ટે હાથ જોડીને રાજકારણીઓને સરકારના આદેશોનું પાલન કરવા વિનંતી કરવી પડી છે. પ્રજા તો રાજાને અનુસરે છે. ચૂંટાયેલા જનપ્રતિનિધિ જ જો સરકારી આદેશોના લીરેલીરા ઉડાડતા ફરશે તો સ્વાભાવિક છે કે પ્રજા એમની પાછળ ઘેટાંના ટોળાની જેમ માસ્ક પહેર્યા વિના અને સોશિયલ ડિસ્ટંસ જાળવ્યા વિના દોડતી રહેશે. આથી કોરોનાને માત આપવાને બદલે પ્રોત્સાહન આપવા જેવું થશે. અદાલતે એ પણ નોંધ્યું છે કે નેતાઓના આવા બેજવાબદાર વર્તનને કારણે પ્રજાજનો બેફિકર બની ટોળે વળે છે. આથી શહેરોમાં સીમિત રહેલી મહામારી હવે ગામડાંમાં પ્રવેશી છે. અમદાવાદનું ઉદાહરણ લઈ બીજાં શહેરોમાં સંક્રમણને ફેલાતું અટકાવી શકાયું હોત પણ એવું નથી થયું. પરિણામે સુરત અને રાજકોટ મહામારીનાં હોટસ્પોટ બની રહ્યાં છે. અદાલતે વધુ એક માર્મિક ટકોર કરી સરકારના પણ કાન આમળ્યા છે. એ વિદ્વાન ન્યાયમૂર્તિઓએ આગ્રહ કર્યો છે કે સરકાર સંક્રમણ અને મોતના સાચા આંકડા જાહેર કરે જેથી પ્રજાને મહામારીની ગંભીરતા સમજાય. એનો મતલબ એ થયો કે અદાલતને પણ આમ આદમીની જેમ સરકાર આ મુદ્દે ઘણો બધો ઢાંકપિછોડો કરતી હોવાની પાકી શંકા છે. કોરોનાએ કોઈ ખૂણો કોરો મૂક્યો નથી. એ છેક ગલીકૂંચીઓ અને સોસાયટીઓ સુધી, ફલેટો અને બંગલાઓ સુધી એની હાજરી પુરાવી ચૂક્યો છે. આવા વિકટ સંજોગો હોવા છતાં રાજકારણીઓ એમના વજૂદ અને વક્કરની ફિકરમાં રેલીઓ કાઢતા ફરે છે. નવા વરાયેલા ભાજપ પ્રમુખ સી.આર. પાટિલે અત્ર તત્ર સર્વત્ર ટોળાં જમાવ્યાં અને પદવાચ્છું કાર્યકરોનાં ટોળાં સંક્રમણનો ભોગ બનતાં રહ્યાં. એમનું આ કૃત્ય તબલીગી જમાતથી ઓછું ધૃણાસ્પદ નથી. નેતાઓ પોતાને જ કોરોના સંક્રણિત થઈ હોસ્પિટલોમાં દાખલ થતાં હોય ત્યાં બિચારા આમ આદમીને કોણ પૂછે? એને તો હોસ્પિટલવાળા બારોબાર રવાના કરી દે છે અને અંતે એ અનેકને સંક્રમિત કરીને મરે છે. ઈંડિયન મેડિકલ એસોસિયેશને સરકાર દ્વારા ફ્રંટલાઈન વોરિયર્સ તરીકે ડૉકટરોની થતી ઉપેક્ષા બદલ ભારે રોષ વ્યક્ત કર્યો છે. ૩૮૨ જેટલા ડૉકટરો કોરોનાનો ભોગ બન્યા છે. પણ કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધન પાસે એમના માટે એક આશ્વાસનનો કે પ્રશંસાનો શબ્દ નથી. ડૉકટરોની જિંદગી જાણે અગત્યની હોય જ નહીં, સરહદ પર મરતા સૈનિકોની જેમ એમણે પણ મરવું પડે તો એ વાજબી જ છે - એવું રુક્ષ વર્તન સરકાર તરફથી જોવા મળ્યું છે. આવા ડૉકટરોને 'શહીદ' ગણીને કોઈ વળતર નથી અપાતું - કેન્દ્ર સરકાર એને 'સ્ટેટ સબ્જેક્ટ' ગણે છે; એ જે-તે રાજયોનો વિષય છે! એ જ રીતે હિજરતી શ્રમિકો પ્રત્યે પણ કેન્દ્ર સરકારનું અમાનુષી વર્તન જગજાહેર છે. મજૂરમંત્રી આરામથી સંસદમાં લેખિત જવાબ આપીને બેસી જાય છે કે એ મજૂરોના મૃત્યુ વિશે સરકાર પાસે કોઈ માહિતી નથી તેથી એમને વળતર ચૂકવવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી? કેવી નીંભર બેદરકારી!

# શરણાગતને આપ્યું નામ !

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા





એ દુઃખી દુઃખી હતો. બધાં એને ધૂત્કારે - 'આ તો વધારાનો. આનું કોઈ મહત્ત્વ નહીં. નથી એને નામ ઠામ નથી એને ધણીધોરી. ન ધણિયાતો. એ હોય ત્યારે કોઈ સારાં કામ ન થાય. મેલો છે, મેલો. મળથી ભરેલો. આની કોઈ કિંમત નથી.'

અધિક માસ હેરાનપરેશાન થઈ ગયો. જેનું કોઈ નથી, એનો ભગવાન છે. એ ભગવાન વિષ્ણુને શરણે ગયો. ભગવાન તો શરણાગત વત્સલ. શરણે આવે, એના માટે વાત્સલ્ય દાખવે. ભગવાન પાસે એને રડતા રડતાં દુઃખ વ્યક્ત કર્યું.

ભગવાને કહ્યું, 'હવે તું નચિંત થી જા દીકરા ! તું મારી શરણમાં છો. હવે કોઈ તારી સામે આંગલી ચિંધી નહીં શકે. બાકીના બારેય માસ કરતાં તારું મહત્ત્વ વધી જશે. તારા મહિનામાં જે કોઈ શુભ કર્મ કરશે, જપ, તપ, દાન, પુણ્ય - એનું ફળ એના કરનારને, બીજા મહિના કરતાં બમણું મળશે. આજથી નણધિયાતો નથી. હું તારો સ્વામી થાઉં છું. તારે નામઠામ નથી. આજથી હું તને મારું નામ આપું છું - પુરુષોતમ માસ. તું હવે મળ માસ નથી, તું છો પુરુષોત્તમ માસ.' શરણાગત અધિક માસને આ રીતે પોતાનું નામ આપ્યું અને બીજા માસ કરતાં આનું મહત્ત્વ વધારી દીધું; શરણે આવે, એના માટે પ્રભુ વત્સલ.

આથી સ્વાભાવિક રીતે જ... ખાસ કરીને, આ મહિનામાં, પુરુષોત્તમ માસમાં, ભગવાન વિષ્ણુની ઉપાસનાનું મહત્ત્વ વધુ.

ભગવાન વિષ્ણુની નાની એવી સરસ સ્તુતિ છે :

શ્રી વિષ્ણો : અષ્ટા વિંશતિ નામ સ્તોત્રમ્. શ્રી વિષ્ણુના અઠિયાવીસ નામોનું સ્તોત્ર - આમાં માત્ર સાત જ શ્લોક છે. શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદ રુપે આ સ્તુતિ છે.

(ક) અર્જુને પૂછ્યું :

(૧) હે કેશવ ! વારંવાર જપ કરવો હોય, તો હજાર નામનું કેમ રટણ કરવું ? એના કરતાં તમે એના દિવ્ય નામો હોય એવાં થોડાંક કહો.

(ખ) ભગવાને જવાબ આપ્યો :

(૨ થી ૭) મત્સ્ય, કૂર્મ, વરાહ, વામન, જનાર્દન, ગોવિંદ, પુંડરીકાક્ષ, માધવ, મધુસૂદન, પદ્મનામ, સહસ્રાક્ષ, વનમાલી, હલાયુધ, ગોવર્ધન, હૃષીકેશ, વૈકુંઠ, પુરુષોત્તમ, વિશ્વરુપ, વાસુદેવ, રામ, નારાયણ, હરિ, દામોદર, શ્રીધર, વેદાંગ, ગરુડ ધ્વજ, અનંત, કૃષ્ણગોપાલ.

આનો જપ કરવાથી પાપ લાગતું નથી. ઊલટું, કરોડ ગાયોનાં દાન. સો અશ્વમેધ યજ્ઞ, હજાર કન્યાઓનું દાન - આનાથી જે ફળ મળે; તે કોઈ પણ માનવને આનાથી મળે છે.

આનો પાઠ રોજેરોજ થઈ શકે; પરંતુ બે અગિયારસ, પૂનમ, અન અમાસને દિવસે ખાસ કરવો.

આનો પાઠ સવાર, બપોર અને સાંજે કરવો.

આનો પાઠ કરવાથી, કોઈ પણ મનુષ્ય તમામ પ્રકારના પાપોમાંથી છૂટી જાય છે.

સ્તુતિને અંતે પુષ્પિકા આપી હોય; તેમાં જણાવ્યું છે : શ્રીકૃષ્ણ - અર્જુન સંવાદમાં; શ્રીકૃષ્ણના અહિંયા વીસ નામોનું સ્રોત સંપૂર્ણ.

# કયો દેશ 'તરસી ભૂમિનો ખંડ' તરીકે ઓળખાય છે?

ખજાનો
અનિલ પટેલ



## વિશ્વની ભૂગોળ

૧ વિશ્વ વ્યાપાર સંગઠન (ડબલ્યુટીઓ)નું મુખ્યાલય કયાં આવેલું છે?
(અ) જીનેવા (બ) ટોરન્ટો
(ક) પેરીસ (ડ) શિકાગો

૨ વિશ્વનું સૌથી મોટું ખારા પાણીનું સરોવર કયું છે?
(અ) સુપિરિયર (બ) કાસ્પિયન
(ક) નળ સરોવર (ડ) વિકરોરિયા

૩ અકાટામાં પ્રદેશ કયા પ્રદેશ તરીકે જાણીતો છે ?
(અ) જલપ્લાવીસ પ્રદેશ (બ) મૃત પ્રદેશ
(ક) ટુન્ડ્ર પ્રદેશ (ડ) શુષ્ક પ્રદેશ

૪ કયો દેશ 'તરસી ભૂમિનો ખંડ' તરીકે ઓળખાય છે?
(અ) મલેશિયા (બ) ઈરાન
(ક) દ. આફ્રિકા (ડ) ઓસ્ટ્રેલિયા

૫ વિશ્વનું સૌથી ઊંડું સરોવર કયું છે?
(અ) બૈકાલ (બ) વિકટોરિયા
(ક) સુપીરીયર (ડ) કાસ્પિયન

૬ અટાકા રણ પ્રદેશ કયા દેશમાં આવેલ છે?
(અ) ઓસ્ટ્રેલિયા (બ) ઈરાન
(ક) ચીલી (ડ) અમેરિકા

૭ વોલ્ગા નદી કયા સમુદ્રને મળે છે?
(અ) કાળા સમુદ્રને (બ) રાતા સમુદ્રને
(ક) કાસ્પિયન (ડ) ઈંગ્લીશ ચેનલમાં

૮ કોયલા નદી તરીકે જાણીતી રાયન નદી કયાં આવેલી છે ?
(અ) રશિયા (બ) યુરોપ
(ક) આફ્રિકા ખંડ (ડ) મેક્સિકો

૯ વાદળોની દિશા અને ગતિ માપવા શાનો ઉપયોગ થાય છે?
(અ) નેફોમીટર (બ) હાઈગ્રોમીટર
(ક) સ્પેરોમીટર (ડ) ફીધોમીટર

૧૦ કોને પ્રકૃતિનો 'સુરક્ષા વાલ્વ' કહેવામાં આવે છે?
(અ) ઓઝોન પડ (બ) જવાળામુખી
(ક) સમુદ્રી પ્રવાહ (ડ) ખીણો

૧૧ વિશ્વનો સૌથી ઊંચો જવાળામુખી પર્વત કોટોપેક્ષી કયાં આવેલ છે?
(અ) જાપાન (બ) તાન્ઝાનિયા
(ક) ઈકવાડોર (ડ) ફિલીપાઈન્સ

૧૨ ભૂકંપના અધ્યયનને શું કહે છે ?
(અ) રેડિયોલોજી (બ) મીટીરીયોલોજી
(ક) જીઓલોજી (ડ) સિસ્મોલોજી

૧૩ જીરો લાઈન તરીકે જાણીતું ગ્રીનીચ બ્રિટનના કયા શહેરમાં આવેલ છે ?
(અ) ગ્લાસ્ગો (બ) એડીનબર્ગ
(ક) લંડન (ડ) બર્મિંગહામ

૧૪ પૃથ્વી પોતાની ધરી પર એક કલાકમાં કેટલાં રેખાંશ ફરે છે ?
(અ) ૧૫ રેખાંશ (બ) ૩૦ રેખાંશ
(ક) ૪૫ રેખાંશ (ડ) ૬૦ રેખાંશ

૧૫ દક્ષિણ ધ્રુવમાં સૌથી ટૂંકી રાત્રી કયારે હોય છે?
(અ) ૨૩ માર્ચ (બ) ૨૧ જૂન
(ક) ૨૨ સપ્ટેમ્બર (ડ) ૨૨ ડિસેમ્બર

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૧૮ સપ્ટેમ્બર :**
  - વર્લ્ડ વોટર મોનીટરીંગ દિવસ
  - અંગ્રેજી સાહિત્ય લેખક ડ. સેમ્યુઅલ જહોન્સનનો જન્મદિવસ (૧૭૦૯)
  - શબાના આઝમીનો જન્મદિવસ (૧૯૫૦)
- **૧૯ સપ્ટેમ્બર :**
  - આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત પ્રકૃતિ વિદ રોબીન ડેવીડનો જન્મદિવસ (૧૯૧૮)
  - સાહિત્યકાર હરિન્દ્ર દવેની જન્મજયંતિ (૧૯૩૦)
  - અજિત શેઠની જન્મજયંતિ (૧૯૩૨)
  - મરાઠી મુલગી ફિલ્મ અદાકાર ઈશા કોપીકરનો જન્મદિવસ (૧૯૭૬)
- **૨૦ સપ્ટેમ્બર :**
  - શહીદ વીર વિનોદ કિનારાવાલાનો જન્મદિવસ (૧૯૨૪)
  - સાહિત્યકાર ગુલામદાસ બ્રોકરનો જન્મદિવસ (૧૯૦૯)
  - સુલતાન ફિરોઝશાહ ત્રીજાનું નિધન (૧૩૮૮)
  - બ્રિટીશ સૈનિકોએ દિલ્હી પર ફરીથી કબજો જમાવ્યો (૧૮૫૭)
- **૨૧ સપ્ટેમ્બર :**
  - સૌરાષ્ટ્રના પ્રથમ મુખ્યમંત્રી ઉછ્રંગરાય ઢેબરનો જન્મદિવસ (૧૯૦૫)
  - સાયન્સ ફીકશનના લેખક એચ. જી. વેલ્સનો જન્મદિવસ (૧૮૬૬)
  - દિલ્હીના સમ્રાટ બહાદુરશાહ બીજાએ બ્રિટન સમક્ષ આત્મસમર્પણ કર્યું (૧૮૫૭)
  - અભિનેત્રી કરિના કપૂરનો જન્મદિવસ (૧૯૮૦)
- **૨૨ સપ્ટેમ્બર :**
  - સિક્કિમ રાજયના પાંચમા મુખ્યમંત્રી પવનકુમારનો જન્મદિવસ (૧૯૫૦)
  - માઈકલ ફેરાડે, વિશ્વ પ્રસિદ્ધ વૈજ્ઞાનિકનો જન્મદિવસ (૧૭૯૧)
  - ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ વિરામની જાહેરાત થઈ (૧૯૬૫)
  - અંજલિ સુ. મેઢની જન્મજયંતિ (૧૯૨૫)
- **૨૩ સપ્ટેમ્બર :**
  - કવિ ત્રિભુવન ત્રિવેદી 'મસ્ત કવિ' નો જન્મદિવસ (૧૮૬૫)
  - અમેરિકાના વોલ્ટર લિપમનની જન્મજયંતિ (૧૮૯૯)
  - રામધારીસિંહ 'દિનકર'ની જન્મજયંતિ (૧૯૦૮)
  - મશહૂર જાદુગર કાન્તિલાલ (કે.લાલ)ની પુણ્યતિથિ (૨૦૧૨)
- **૨૪ સપ્ટેમ્બર : વિશ્વ બાળકી દિવસ**
  - પદ્મશ્રી, પદ્મભૂષણ, પદ્મ વિભૂષણથી સન્માનિત ડૉ. રાજા રમન્નાનું નિધન (૨૦૦૪)
  - ઈતિહાસ સંશોધનકાર રત્નમણી રાવ ભીમરાવ જોટેનું નિધન (૧૯૪૩)
  - ભીખાજી કામાની જન્મજયંતિ (૧૯૬૧)
  - ઈસ્લામિક વર્ષ હિજરીનો પ્રારંભ (૦૬૨૨)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**તાજેતરમાં વિવાદોથી ઘેરાયેલ ફિલ્મ અભિનેત્રી કંગના રાનાવતે કઇ ઐતિહાસિક ફિલ્મમાં મુખ્ય ભૂમિકા અદા કરી હતી? જવાબ : રાણી લક્ષ્મીબાઈ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૪) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો.જૂ.સા.કૉલેજ (૫) મહેશ જાદવ : ગૂ. વિદ્યાપીઠ (૬) હાર્દિ ભટ્ટ : સે-૨૪ (૭) શિવાંગ બી પટેલ : સરગાસણ (૮) મિત્ત પટેલ : સે-૨૩

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં લાલુ પ્રસાદના ખાસ અંગત સાથીદાર અને રાષ્ટ્રીય જનતાદળના કયા નેતાનું અવસાન થયું?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# 'કરે તે ભરે' વિરુદ્ધ 'કરે કોઈ ભરે કોઈ'

હળવે હૈયે
પ્રકાશ લાલા



કહે છે કે 'કરો તેવું પામો.' મતલબ કે સારું કરનારને એનું સારું ફળ મળે છે ને કોઈનું બુરું ઈચ્છનાર, બીજાનું ખરાબ કરનારનું ખરાબ થતું હોય છે... પણ તકલીફ એક જ છે કે આ સારા - ખરાબ કૃત્યનું પરિણામ મોટેભાગે ફટ દઈને - ઝટ દઈને મળતા નથી હોતા... તેથી ખરાબ કરવા ટેવાયેલાઓ 'હમણાં તો આપણને કંઈ થવાનું નથી... ' એમ વિચારીને જે કરતાં હોય તે કર્યે જાય છે... 'પીછે દેખા જાયેગા...' માનીને સ્તો !!

આપણા કાયદા - ન્યાય પ્રક્રિયામાં પણ ગુનેગારને સજા મળવામાં એવો વિલંબ થતો હોય છે કે ગુનાની તાત્કાલિક સજાનો ભય એને એમ કરતાં રોકતો નથી... કાયદા તો ઘણા બધા છે પણ ગુનેગારનો ગુનો સાબિત થાય તો કાયદામાં બતાવેલી સજા થઈ શકે. કાયદાની છટકબારીઓ જાણનારા રીઢા ગુનેગારો એટલે જ બિન્દાસ્ત ફરતા હોય છે ને!

'કરો તેવો પામો' જેવી જ બીજી ઉક્તિ છે, 'વાવો તેવું લણો...' બાબત વાવીને કેરી ખાવાની ઈચ્છા ન જ રખાય..

આ પ્રકારની વધુ એક કહેવત છે : 'કરે તે ભરે.' પણ એનાથી વિરુદ્ધની વાત છે કે 'કરે કોઈ ભરે કોઈ' અર્થાત્ ભૂલ કોઈક કરે - વાંક કોઈકનો અને સજા ભોગવે બીજું કોઈ... આનું સાદું ઉદાહરણ જોઈએ... મોંમાં, બત્રીસ દાંત વચ્ચે બેઠેલી જીભ... હાંડકાં વગરની લૂલી સખણી ના રહે, કોઈ વાર ગમે તેમ વળી જાય ને કોઈને આડુંઅવળું બોલી નાખે તો એની પ્રતિક્રિયા સ્વરુપે કોઈ ગુસ્સે થઈને લાફો ઠોકી દે એવું બને કે નહીં ? હવે લાફો પડે ગાલ ઉપર. બોલવામાં ભાન ના રાખ્યું જીભે. વાંક એનો ને તમાચાનું દર્દ મળ્યું ગાલને... એમાંય જો તમાચો ઝીંખી દેનારનો પંજો ભારદાર ને જોરદાર હોય તો બત્રીસમાંથી એકાદ દાંતે શહીદ થઈ જવાના ચાન્સ ય ખરા જ.

બોલો, આમાં દાંતનો કોઈ ગુનો ખરો ? દેખીતી રીતે તો નહીં જ પણ પદ્મશ્રી કવિ કાગબાપુ કહે છે કે દાંતનો વાંક ખરો... જીભની પડોશી બન્યો એ...સમજવાની વાત એ છે કે કોઈ વાર પડોશી એવાં ભટકાયા હોય તો એની ભૂલનું પરિણામ આપણે ભોગવવાનો વારો ાવે છે. મારે તો ઘરડાંઓએ પડોશ સારો શોધવાનું કહ્યું છે... પડોશીની જેમ મિત્રો પણ સારા જ કરવા જોઈએ, નહીં તો કયારેક અવળચંડાઈ એ કહી જાય ને કુટાઈ જવાનું આપણે થાય... આ અંગે કાગબાપુએ સરસ વાત કરી છે કે 'નજરચૂક થતાં કાંટો પગમાં લાગે... હવે ભૂલ આંખની અને દુઃખ પગને...'

આ સંદર્ભે એક રોમેન્ટિક શાયરી યાદ આવે છે :

'સુરત જો દેખી આપકી,
તબિયત મચલ ગઈ...
કુસુર થા આંખો કા
છૂરી દિલ પે ચલ ગઈ!!'

કૃત્ય નેત્રોનું ને વેદના દિલને ભોગવવાની.

પણ સંસાર છે... અહીં સાચું-ખોટું, સારું-નરસું, સત્ય-અસત્ય બધું જોડાજોડ ચાલતાં રહે છે જેમ કે 'કરો તેવું પામો' ને 'વાવો તેવું લણો'ની સાથે જ 'કરે કોઈ ભરે કોઈ' પણ જોવા મળશે જ... માટે ચેતીને ચાલવું - જરા સાવધ રહેવું એ જ એક માત્ર હાથ વગો ઉપાય છે સલામત રહેવાનો.... બાકી તો દુનિયા એવી દોરંગી છે કે તમને આમેય કહે ને તેમ ય કહીને ફસાવી મારે...

ગાઢ જંગલમાં થઈને પસાર થઈ રેલવે લાઈન પરના એક સ્ટેશન માસ્ટરને તેના હેડ ઓફિસ - હેડ કવાર્ટરની સૂચના વિના બધું કરવા માટે તાર દ્વારા ધપકો આપવામાં આવ્યો. એક દિવસ હેડકવાર્ટરને આ સ્ટેશન માસ્ટર તરફથી ટેલીગ્રામ સંદેશો મળ્યો : 'અહીં સ્ટેશન ઉપર વાઘ ગાર્ડને ફાટી ખાઈ રહ્યો છે... શું કરવું એની સૂચના મને તરત ટેલીગ્રામથી મોકલી આપશો...'

જગતમાં જેવા સાથે તેવા થયા વગર ના જીવાય એ ય કડવું સત્ય નથી શું ?